અત્યાચારનો ભોગ બનેલ ઇસમો,સાક્ષીઓને
ચૂકવવામાં આવતા પ્રવાસ ભથ્થુ/નિર્વાહ ભથ્થામાં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ હસલ/૧૦૨૦૧૩/૭૪૬૬૮૦/હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧/૭/૨૦૧૪

વંચાણે લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૧૦-૯૯ ઠરાવ ક્રમાંક હસલ-૨૦૯૯-૨૩૦-હ

(૨) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનો પત્ર ક્ર: અજાક/ છ. ૧/ ૧૮૯/૨૦૧૩/૬૮૨૯ થી ૩૦ તા. ૨૯/૧૦/૨૦૧૩

**<u>પ્રસ્તાવનાઃ-</u>**

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અ.નિ) અધિનિયમ-૧૯૮૯ અનુસાર અત્યાચારનો ભોગ બનેલ વ્યકિતઓને તેના અથવા તેઓનો આશ્રિત અને સાક્ષીઓને પ્રવાસ ભથ્થુ અને નિર્વાહ ભથ્થુ આપવા અંગેની યોજના વંચાણે લીધેલ ક્રમાંક-૧ ના તા. ૨૦/૧૦/૯૯ ના ઠરાવથી અમલમાં હતી. આ સહાયમાં વધારો કરવા અંગે નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ૨ તા.૨૯/૧૦/૨૦૧૩ અન્વયેના પત્રથી વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં રૂ. ૧૨.૦૦ લાખની જોગવાઇ કરવા નવી બાબત રજુ કરવામાં આવેલ.

Scanned with CamScanner

-ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે અનુસુચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે અત્યાચારનો ભોગ બનેલ વ્યકિતઓ,સાક્ષીઓને ચૂકવવામાં આવતા રૂ. ૧૦૦/- ના પ્રવાસ ભથ્થા નિર્વાહ ભથ્થામાં વધારો કરી રૂ. ૨૦૦/- કરવાની અને વાહન ભાડા પેટે ખરેખર ચૂકવેલ ભાડા મુજબની રકમને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોયતો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) અન્ય શરતો વંચાણે લીધેલ ક્રમાંક-૧ માં દર્શાવેલ તા. ૨૦/૧૦/૯૯ ના ઠરાવ ક્રમાંક હસલ/૨૦૯૯-૨૩૦-ઙ મુજબ યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૫, મુખ્ય સદર ૨૨૨૫,પેટા સદર-૦૧, ગૌણ સદર ૮૦૦ પેટા સદર ૦૩ -બીસીકે-૬૦ નાગરિક એકમ(આયોજન )હેઠળ કરાયેલ

Scanned with CamScanner

જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૧૮/૧૦/૨૦૧૩ તથા તા. ૧૦/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જગદીશ ખડિયા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.અધિક મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી,ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, કાયદા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આદિજાતિ) બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
  સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
- સિલેકટ ફાઇલ

Scanned with CamScanner